તહેવારોની ઉજવણીનો ઉત્સાહ સમાતો નથી. બે વર્ષ બાદ બધા તહેવારોની ઉજવણી સામાન્ય બની છે. તહેવારોની ઉજવણી કરવા જાણે સૌ કોઈ થનગની રહ્યા છે. વળી આ વર્ષે રજાઓનો સુંદર મેળ હોવાથી ઉત્સાહ બેવડાયો છે. રક્ષાબંધનના તહેવારો શરૂ થાય તે પહેલાં જ વતન જવા માટેની ભીડ જોવા મળી રહી છે. બસસ્ટેન્ડમાં નજર કરો ત્યાં મુસાફરો પોતાનો સામાન લઈને વતન જતા નજરે ચઢે છે. વળી એક સાથે ઘણી રજાઓ હોવાથી હરવા-ફરવા જનારાઓની સંખ્યા પણ સવિશેષ જોવા મળી રહી છે.

શહેરમાં સ્વાઈન ફ્લુના વધુ બે કેસ નોંધાયા

રાંદેસણમાં મહિલા અને સે. ૧માં યુવાન સ્વાઈન ફ્લુની ઝપેટમાં આવ્યા

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર શહેરમાં સ્વાઈન ફ્લુના આજે વધુ ૨ કેસ નોંધાયા છે. શહેરમાં આજે નોંધાયેલા આ બે કેસ સાથે છેલ્લા ત્રણ દિવસમાં ૪ કેસ સામે આવતાં તંત્રની દોડધામ વધી જવા પામી છે.

ગાંધીનગર શહેરમાં આજે જે બે કેસ નોંધાયા છે તેમાં એક કેસ રાંદેસણ ગામમાં અને એક કેસ સેક્ટર-૧માં નોંધાયો છે. આજે નોંધાયેલા આ બન્ને દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

મળતી વિગતો પ્રમાણે રાંદેસણ ગામમાં ૪૩ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. જ્યારે સે. ૧ માં ૩૧ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. બન્ને દર્દીની તબિયત સ્થિર હોવાનું મનપાના આરોગ્યતંત્રના સૂત્રોએ જણાવ્યુ છે.

કોરોનાના કહેર વચ્ચે દેખાયેલા સ્વાઈન ફ્લુના કેસોને લઈ તંત્રની ચિંતા વધી છે. શહેરમાં લોકોને અપીલ કરતાં જણાવ્યુ છે કે આ સ્વાઈન ફ્લુ એ ચેપી રોગ છે અને શ્વાસથી ફેલાતો હોય છે.

સ્વાઈન ફ્લુના ત્રણ પ્રકાર છે. એ,બી, અને સી પ્રકારનો સ્વાઈન ફ્લુ હોય છે. શરદી, ખાંસી અને તાવ જેવા લક્ષણો જણાય તો તાત્કાલિક નજીકના

● અનુસંધાન પાન-૭ પર

શહેરમાં પૈડા પરની જિન્દગીને જોખમમાં મુકતા પરિબળો દુર કરવામાં આવશે

સ્માર્ટ બનતા ગાંધીનગરમાં માર્ગ સલામતીને અનુલક્ષી વિવિધ વિભાગનો ટીમો દ્વારા સંયુકત અભ્યાસ કરવામાં આવી રહ્યો છે : જરૂર હોય તેવા ઠેકાણે બમ્પ બનાવાની સાથે સાઇનબોર્ડસ તેમજ થર્મોપ્લાસ્ટના પટ્ટા પણ કરવામાં આવશે : વાહનોમાં ગતિ નિયંત્રણ મામલે પણ કડક અમલ થશે

ગાંધીનગર તા ૧૦

ગાંધીનગરમાં છેલ્લા ચાર દાયકાના અંતે પણ માર્ગ સલાતમી જોખમમાં છે. શહેરમાં હવે મેગા સીટીની જેમ ટ્રાફિકનુ પ્રમાણ વધ્યુ છે. જેની સામે નગરનુ રોડ નેટવર્ક પણ અપગ્રેડ કરવામાં આવી રહ્યુ છે. પરંતુ ગતિ નિયંત્રણ અને ટ્રાફિક નિયમનના અભાવ સહીત માર્ગ સલામતીને સ્પર્શતા પરિબળો જળવાતા ન હોવાથી માર્ગ અકસ્માતાનો સિલસિલો યથાવત છે. આ સ્થિતિને નિવારવા માટે માર્ગ મકાન વિભાગ અને કોર્પોરેશન તેમજ ગુડા અને પોલીસ વિભાગના સંયુકત ઉપક્રમે નગરના વિવિધ માર્ગો પર જરૂરી અભ્યાસ કરવામાં આવી રહ્યો છે. જેથી આગામી દિવસોમાં નગરમાં પૈડા પરની જિન્દગીને વધુ સલામત બનાવવા માટે યોગ્ય આયોજન કરવામાં આવશે. રોડ સેફટીને જોખમમાં મુકતા પરિબળોને દુર કરવા સહીત જરૂરી ઠેકાણે બમ્પ બનાવવા સહીત સાઇન બોર્ડસ તેમજ થર્મોપ્લાસ્ટના પટ્ટા પણ કરવામાં આવશે.

ગાંધીનગરના માર્ગો પર મેગાસીટીની જેમ હવે ટ્રાફિકનો ધમધમાટ જોવા મળી રહ્યો છે. બદલાતા ટ્રાફિક સિનારીયા વચ્ચે શહેરમાં દાયકાઓ બાદ ટ્રાફિક સિગ્નલ જબુકતા થયા છે. જયારે બીજીતરફ સેકટરોની વધતી વસતી અને વિકાસના નવા આયામોને ધ્યાનમાં રાખીને રોડ નેટવર્ક પણ અપગ્રેડ કરવામાં આવી રહ્યુ છે. પરંતુ શહેરના ખુલ્લા અને પહોળા માર્ગો પર માર્ગ સલામતી સામે આજે પણ સવાલ મંડરાયેલો છે. શહેરમાં માર્ગ અકસ્માતોની સંખ્યા વધુ છે. શહેર તેમજ આસપાસના વિસ્તારમાં બેફામ જતા વાહનોના લીધે જાનલેવા અકસ્માત સર્જાય છે. નગરના મુખ્યમાર્ગો ઉપર પણ ગતિ નિયંત્રણ અને ટ્રાફિક નિયમનના અભાવ વચ્ચે અનેક અકસ્માતો સર્જાય છે. સ્માર્ટ સીટીની આગવી ઓળખ ધરાવતા નગરમાં પૈડા પરની જિન્દગી જોખમાઇ છે. આવા સંજોગોમાં શહેરમાં માર્ગ સલામતીના પરિબળોને યોગ્ય કરવા માટે માર્ગ મકાન વિભાગ , કોર્પોરેશન , ગુડા અને પોલીસ તંત્રના સંયુક્ત ઉપક્રમે જરૂરી અભ્યાસ હાથ ધરવામાં આવ્યો છે. વિભાગના અધિકારીઓ દ્વારા નગરના મુખ્યમાર્ગો પર સ્થળ નિરિક્ષણ કરી માર્ગ સલામતીને જોખમમાં મુકતા

● અનુસંધાન પાન-૭ પર

કોરોનામાં ઉછાળો : શહેર-જિલ્લામાં ૬૯ કેસ

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર શહેર-જિલ્લામાં આજે કોરોનાના કેસોમાં ઉછાળો નોંધાયો છે. શહેર-જિલ્લાનો પોઝીટીવીટી રેટ પણ આ સાથે ઉંચકાતા તંત્રની ચિંતા વધી છે. કેસોમાં સતત થઈ રહેલ ચડાવ-ઉતારની સ્થિતિએ તંત્રની મુંઝવણમાં વધારો કર્યો છે.

ગાંધીનગર શહેરમાં આજે કોરોનાના નવા ૨૮ કેસ તો ગ્રામ્ય વિસ્તારમાં નવા ૪૧ કેસ નોંધાયા છે. ગ્રામ્ય વિસ્તારમાં સતત સંક્રમણ વધી રહ્યુ છે. જિલ્લામાં સંક્રમણના કેસોની ચડાવ-ઉતારની સ્થિતિમાં કોરોનાના પોઝીટીવીટી રેટમાં પણ સતત ચડાવ-ઉતાર જોવા મળી રહ્યો છે. શહેર-જિલ્લામાં આર.ટી.પી.સી.આર. ટેસ્ટીંગ સરેરાશ ૧૫૦૦થી ૧૬૦૦ લોકોના કરવામાં આવી રહ્યા છે.

શહેર-જિલ્લામાં રિકવરી રેટમાં સતત સુધાર થતો રહ્યો છે. આજે ૫૬ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. શહેરમાં ૨૭ દર્દી અને ગ્રામ્યમાં ૨૯ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. શહેર-જિલ્લામાં કોરોનાના દર્દીઓમાં હળવા લક્ષણો જોવા મળી રહ્યા છે. હોસ્પિટલાઈઝેશન રેટ ઓછો છે અને રિકવરી રેટ સુધરી રહ્યો હોવાથી તંત્રને રાહત છે.

ગાંધીનગર શહેરમાં આજે એક દર્દીને સઘન સારવાર જરૂરી જણાતાં હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. શહેર-જિલ્લામાં મોટા ભાગના કેસો લોકલ ટ્રાન્સનિશનથી ફેલાઈ રહ્યા છે.

ગાંધીનગર શહેરમાં આજે ૨૮ કેસ કોરોનાના નવા નોંધાયા છે. જેમાં ૧૨ મહિલા દર્દી અને ૮ દર્દી ૬૦ થી વધુ વયના છે. મહિલા દર્દી અને ૬૦થી વધુ વયના લોકો વધુ સંક્રમિત થઈ રહ્યા હોવાથી તંત્રની ચિંતા વધી છે.

ગાંધીનગર શહેરમાં સમાવિષ્ટ પેથાપુરમાં ૬, સે. ૨૯માં ૪, રાંદેસણમાં ૩, ૩-એ-ન્યુમાં અને રાયસણમાં ૨-૨ કેસ ઉપરાંત સે. ૧, ૮, ૯, ૧૯, ૨૧, ૨૨, ૨૩, ૨૪, ૨૬, જીઈબી અને આઈઆઈટીમાંથી પણ કેસ મળી આવેલ છે.

પેથાપુરમાં એક ૬૫ વર્ષીય વૃદ્ધ અન્ય દર્દીની સારવાર માટે મહારાષ્ટ્રથી આવ્યા હતા અને તેમનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેમને સારવાર માટે સિવિલમાં દાખલ કરવામાં આવ્યા છે.

શહેરમાં આજે નોંધાયેલા ૨૭ દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. આજે નોંધાયેલા કેસ સાથે શહેરમાં હાલ ૧૭૦ થી વધુ દર્દીઓ એકટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે.

શહેરમાં મોટા ભાગના દર્દીઓ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ હોવાથી તંત્રએ હોમ આઈસોલેશનના નિયમોની અમલવારી અસરકારક રીતે થાય તેમજ સર્વેલન્સ સઘન કરવા સાથે વેક્સિનેશન અભિયાન સઘન કરવા પર ભાર મુકવામાં આવ્યો છે. જાહેર સ્થાનો પર સોશ્યલ ડિસ્ટન્સીંગ જળવાઈ રહે તે જોવા માટેની સૂચનાઓ પણ આપવામાં આવી છે. કોરોના ગાઈડલાઈનનું પાલન થાય તે જોવા પણ જણાવાવમાં આવ્યુ છે.

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાના આજે વધુ ૪૧ કેસ નોંધાયા છે. આજે નોંધાયેલા કેસમાં ૨૨ મહિલા દર્દીઓ છે. ૬ દર્દી ૬૦ થી વધુ વયના છે. પાંચ દર્દી ૨૦ કે તેથી ઓછી વય ધરાવતા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં દહેગામ અને માણસામાંથી જે રીતે કેસો સામે આવી રહ્યા છે તેને લઈ તંત્રની ચિંતા વધી છે. આ બે તાલુકાના અંતરિયાળ ગામોમાંથી જે રીતે કેસો સામે આવી રહ્યા છે તેને લઈ વધુ સઘન સર્વેલન્સ પર ભાર મુકવામાં આવ્યો છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તાર દહેગામમાં ૯, ગાંધીનગરમાં ૧૫, કલોલમાં ૧૪ અને માણસામાં ૩ કેસ નોંધાયા છે.

દહેગામ તાલુકામાં બહિયલમાં, રખિયાલમાં ૨-૨ કેસ તેમજ ધમીજ, બદપુરા, વજુપુરા, હાલીસા, સાણોદા, બોરીયા ગામેથી પણ કેસો મળી આવ્યા છે.

ગાંધીનગર તાલુકામાં ઉવારસદમાંથી ૩, દોલારાણા-વાસણા, સાદરા, રૂપાલમાંથી ૨-૨ કેસ ઉપરાંત ચેખલારાણી, છાલા, સોનીપુર, તારાપુર અને કરાઈ ગામેથી કેસો મળી આવેલ છે.

કલોલ તાલુકામાં કલોલ શહેરમાંથી એક કેસ ઉપરાંત

● અનુસંધાન પાન-૭ પર

શહેરમાં નવા ૨૮ અને ગ્રામ્યમાં નવા ૪૧ કેસ નોંધાયા

જિલ્લાના ગ્રામ્ય વિસ્તાર દહેગામમાં ૯, ગાંધીનગરમાં ૧૫, કલોલમાં ૧૪ અને માણસામાં ૩ કેસ નોંધાયા : ગાંધીનગર શહેરમાં સમાવિષ્ટ પેથાપુરમાં ૬, સે. ૨૯માં ૪, રાંદેસણમાં ૩, ૩-એ-ન્યુમાં અને રાયસણમાં ૨-૨ કેસ ઉપરાંત સે. ૧, ૮, ૯, ૧૯, ૨૧, ૨૨, ૨૩, ૨૪, ૨૬, જીઈબી અને આઈઆઈટીમાંથી પણ કેસ મળી આવ્યા

ચોમાસાના અંતે શહેરમાં

માર્ગોની નુકશાની અંગે સર્વેના અંતે રીસરફેસીંગ કરવામાં આવશે

સેકટરોના આંતરિક માર્ગો પર સતત ઉડતી ડામરની કાંકરીઓથી સેકટરવાસીઓ પરેશાન : મુખ્ય ઘ માર્ગનુ બાકી કામ પણ વરસાદી દિવસોના અંતે હાથ ધરાશે

ગાંધીનગર તા ૧૦

ગાંધીનગરમાં શહેરના મુખ્યમાર્ગો સહીત સેકટરોના આંતરિક રસ્તાઓનુ વરસાદી દિવસોમાં ધોવાણ થયુ છે. જેના લીધે માર્ગો પર ઠેર ઠેર પેચીસ પડી ગયા છે. જયારે સેકટરોના આંતરિક માર્ગોનુ ચાર વર્ષના અંતે રીસરફેસીંગ હાથ ધરવા માટે પણ પ્રબળ માંગ ઉઠવા પામી છે. વરસાદી દિવસોના અંતે શહેરમાં માર્ગોની નુકશાનીનો સર્વે હાથ ધરવામાં આવશે. શહેરના મુખ્ય ઘ માર્ગની સુધારણાનુ બાકી કામ પણ હાથ ધરાશે આ ઉપરાંત સેકટરોમાં પણ ધોવાણ થયેલા માર્ગો પર પેચીસ કરવામાં આવશે.

ગાંધીનગરમાં છેલ્લા ઘણાં સમયથી માર્ગ સુધારણાની કામગીરી બંધ છે. આમ પણ વરસાદી દિવસોમાં માર્ગોનુ રીસરફેસીંગ કરવામાં આવતુ નથી જયારે ગત વાઈબ્રન્ટ સમિટ દરમિયાન પણ શહેરમાં માર્ગોના રીસરફેસીંગનુ કામ હાથ ધરવામાં આવ્યુ હતુ પરંતુ સમિટનુ આયોજન મોકુફ રાખવામાં આવતા માર્ગોની સુધારણાનુ કામ પણ જાણે અટવાઈ ગયુ હતુ. ગત વાઈબ્રન્ટ સમિટ વેળાએ શહેરના મુખ્ય ઘ માર્ગના રીસરફેસીંગનુ કામ પણ હાથ ધરવામાં આવ્યુ હતુ જો કે આ કામગીરી સરકારી પ્લાન્ટના આધારે હાથ ધરવામાં આવી હતી. ઘ - ૦ થી ઘ-૪ અન્ડરપાસ સુધી રીસરફેસીંગનુ કામ પુર્ણ કરાયુ છે. જયારે ઘ- ૪ થી ઘ- ૭ સુધી માર્ગ સુધારણાની કામગીરી બાકી છે. આ ઉપરાંત સે-૯ અને સે-૧૦ માં પણ માર્ગના રીસરફેસીંગનુ કામ હાથ ધરવા માટે આયોજન કરાયુ છે. જયારે હાલ વરસાદી દિવસો ચાલતા હોવાથી આગામી દિવાળી પુર્વે નગરના મુખ્ય ઘ માર્ગની સુધારણાનુ કામ પુર્ણ કરી દેવાશે આ ઉપરાંત સેકટરોમાં પણ બાકી રહેતા માર્ગોનુ કામ હાથ ધરાશે. સેકટરોમાં વરસાદી દિવસો દરમિયાન મોટાભાગના માર્ગોનુ ધોવાણ થયુ છે. જેના લીધે સેકટરોના આંતરિક માર્ગો ઉબડ ખાબડ બન્યા છે. શહેરમાં ચોમાસા દરમિયાન માર્ગોને થયેલી નુકશાની અંગે ટુંકમાં સર્વે પણ હાથ ધરવામાં આવશે ત્યારબાદ સર્વેના અંતે માર્ગો પર પેચીસ કરવાની કામગીરી પણ હાથ ધરવામાં આવશે. શહેરના આંતરિક માર્ગો હવે કોર્પોરેશનને સોંપી દેવામાં આવ્યા છે. સેકટરોમાં આંતરિક માર્ગોનુ કામ પણ ચાર વર્ષના નિયત સમયગાળા બાદ પણ હજુ હાથ ધરવામાં આવ્યુ નથી. જેના લીધે સેકટરોમાં રહીશોએ પણ પારવાર હાલાકી વેઠવી પડે છે.

નાયબ મ્યુનિ. કમિશનર ડૉ. માનસેતા અને ડે. કલેક્ટર મિસણની બદલી

એક વર્ષ બાદ નાયબ કલેક્ટર પ્રોટોકોલની જગ્યા ભરાઈ

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર મહાનગરપાલિકાના નાયબ મ્યુનિ. કમિશનર સુશ્રી ડૉ. પી.ડી. માનસેતા, સ્ટેમ્પ ડ્યુટીના નાયબ કલેક્ટર ચેતન મિસણની આજે બદલી કરવામાં આવી છે. જ્યારે પ્રોટોકોલ ઓફિસરની ખાલી જગ્યા એક વર્ષ બાદ ભરવામાં આવી છે.

રાજ્યના મહેસુલ વિભાગ દ્વારા આજે ૭૯ નાયબ કલેક્ટર સંવર્ગના અધિકારીઓની બદલીના હુકમો જારી કરવામાં આવ્યા છે. આજે મોડી સાંજે કરાયેલ આ બદલીના હુકમમાં ગાંધીનગર મનપાના નાયબ મ્યુનિ. કમિશનર સુશ્રી ડૉ. પારૂલ માનસેતાની બદલી નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી સાબરકાંઠા તરીકે કરવામાં આવી છે. સ્ટેમ્પ ડ્યુટીમાં નાયબ કલેક્ટર તરીકે ફરજો બજાવતા ચેતન મિસણની પ્રાંત ઓફિસર મુંદ્રા (કચ્છ) તરીકે બદલી કરવામાં આવી છે.

ગાંધીનગર કલેક્ટર ઓફિસમાં એક વર્ષથી ખાલી પડેલી પ્રોટોકોલ નાયબ કલેક્ટરની જગ્યા આજે કરાયેલ હુકમમાં ભરવામાં આવી છે. વિસાવદરના પ્રાંત ઓફિસર તરીકે ફરજો બજાવતા પ્રશાંત મંગુડાની ખાલી જગ્યા પર નિમણુંક કરવામાં આવી છે.

આજે કરાયેલ હુકમમાં નાયબ જિલ્લા ચૂંટણી અધિકારીઓની ખાલી જગ્યાઓ ભરવામાં આવી છે. હજુ પણ મહેસુલ વિભાગમાં ડે. કલેક્ટર કેડરમાં બદલીનો બીજો રાઉન્ડ આવશે તેવી ચર્ચાઓ ચાલી રહી છે જેમાં બઢતી અને બદલી હશે તેમ મનાઈ રહ્યુ છે.

ગાંધીનગરના સેક્ટર-૧ માં સમદર્શન આશ્રમ પરિસરમાં બિરાજમાન શ્રી કૃપાનિધિ મહાદેવનો પાટોત્સવ આજે ભક્તિ-ભાવપૂર્ણ વાતાવરણમાં ઉજવાયો હતો. વર્ષ ૨૦૦૭ માં પરમ પૂજ્ય ગુરુમા સમાનંદ સરસ્વતીજીના સાનિધ્યમાં શ્રી કૃપાનિધિ મહાદેવ મંદિરની પ્રાણ પ્રતિષ્ઠા થઈ હતી. આજે પાટોત્સવ પ્રસંગે વહેલી પરોઢથી સાધકો દ્વારા રુદ્રાભિષેક અને ષોડશોપચાર પૂજાનું આયોજન કરવામાં આવ્યું હતું. પવિત્ર શ્રાવણ માસમાં દરરોજ શ્રી કૃપાનિધિ મહાદેવને વિશેષ શૃંગાર કરવામાં આવે છે. આજે પાટોત્સવ પ્રસંગે અર્ધનારેશ્વરના શૃંગારે ભક્તજનોના મન મોહી લીધાં હતાં. પવિત્ર શ્રાવણ માસમાં શ્રી કૃપાનિધિ મહાદેવના દર્શન એ મહામૂલો લ્હાવો છે.

ટ્યુશન કરતા શાળાના શિક્ષકો સામે પગલા લેવા જિલ્લા કલેકટરને રજુઆત

ફેડરેશન ઓફે એકેડમિક એસોસિએશન દ્વારા શિક્ષકોની યાદી સાથે જિલ્લા કલેકટર અને શિક્ષણાધિકારીને યોગ્ય પગલા લેવા રજુઆત કરી : યોગ્ય એકશન નહીં લેવાય તો ગાંધી ચિંધ્યા માર્ગે લડત આપવાની ચિમકી

ગાંધીનગર તા ૧૦

શાળા સમય દરમિયા વર્ગ ખંડ સિવાય અન્ય સમયે વિદ્યાર્થીઓને ટ્યુશન રાખવા માટે ફરજ પાડતા શિક્ષકો સામે કડક પગલા લેવા માટે છેલ્લા કેટલાક સમયથી પ્રબળ માંગ ઉઠવા પામી છે. શાળાના શિક્ષકો ટ્યુશન માટે વિદ્યાર્થીઓને યેનકેન પ્રકારે દબાણ કરતા હોવાની ફરિયાદ સંદર્ભે ફેડરેશન ઓફ એકેડમીક એસોસિએશન દ્વારા જિલ્લા કલેકટરને રજુઆત કરવામાં આવી છે. જયારે આ રજુઆત સાથે શિક્ષકોના નામની યાદી પણ રજુ કરવામાં આવી છે.

ફેડરેશન ઓફ એકેડમીક એસોસિએશન ગાંધીનગરના પ્રમુખે એડિશ્નલ જિલ્લા કલેકટર તેમજ શિક્ષણાધિકારીને રજુઆતમાં જણાંવ્યા મુજબ શિક્ષણ વિભાગના પ્રયાસો થકી રાજયમાં શિક્ષણ આગવી ઓળખ ઉભી કરી રહ્યુ છે. ત્યારે શિક્ષણ વિભાગના તમામ નિયમોનુ સરેઆમ ઉલ્લંઘન કરીને સરકાર સંચાલિત અનુદાનિત તેમજ પાલિકા સંચાલિત મોટાભાગની

શાળાઓમાં શિક્ષકો દ્વારા શાળા સમય સિવાયના સમયગાળામાં વિદ્યાર્થીઓના ટયુશન કરવામાં આવી રહ્યા છે. જયારે આ ટયુશનના વર્ગોમાં વિદ્યાર્થીઓને આવવા માટે ફરજ પાડવામાં આવી રહી છે. આ મામલે ફેડરેશન ઓફ એકેડમીક એસોસિશન દ્વારા સરકાર દ્વારા વર્ષ ૨૦૦૨ ના રોજ ગુજરાત માધ્યમિક શિક્ષણ અધિનિયમ ૧૯૭૨ ની કલમ ૫૩ (૨) ની પેટાકલમ ૩ માં કરવામાં આવેલા સુધારા અનુસાર શૈક્ષણિક કે બિન શૈક્ષણિક સ્ટાફ દ્વારા વેતન કે અવેતન ખાનગી કોચિંગ કરવાનુ રહેતુ નથી. જયારે આ ઉપરાંત સરકાર દ્વારા સંચાલિત અને અનુદાનિત ટ્રસ્ટ કે પાલિકા સંચાલિત શાળાઓના પરિસરમાં ટોકન ભાવે સરકાર કક્ષાએથી આપવામાં આવેલ જગ્યામાં શાળાના સમય સિવાય નક્કી કરેલા સમયમાં ફી લઇ કે લીધા વિના પણ કોચિંગ કલાસ ચલાવાની મનાઇ છે. પરંતુ આ

● અનુસંધાન પાન-૭ પર

પંચાયતના નવા મકાન સહિતના પ્રશ્નો તબક્કાવાર ઉકેલવાનો પ્રયાસ કરીશુ : મેરજા

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર જિલ્લા પંચાયતના નવા મકાન સહિતના પ્રશ્નો તબક્કાવાર ઉકેલવાની હૈયાધારણ આજે રાજ્ય પંચાયત મંત્રી બ્રિજેશ મેરજાએ આપી હતી.

જિલ્લા પંચાયતના પ્રમુખની ચેમ્બરમાં ચુંટાયેલા સભ્યો અને અધિકારીઓની બેઠકમાં ચર્ચા દરમ્યાન તેમણે આ હૈયાધારણ આપી હતી. તેમણે જણાવ્યુ કે પ્રશ્નો તબક્કાવાર ઝડપથી ઉકેલી દેવામાં આવશે.

આ બેઠકમાં હાજર રહેલા જિલ્લા સંગઠનના પ્રમુખ અનિલભાઈ પટેલ અને પંચાયત પ્રમુખ દિલીપભાઈ પટેલને તેમણે હવે પછી આગામી સપ્તાહમાં કેબિનેટ બેઠક મળે ત્યારે સચિવાલય આવવા અને આ સંદર્ભે મુખ્યમંત્રીને તેઓ સાથે મળીને રજુઆત કરશે.

ખાસ કરીને વિકાસકામો અંગે યુ.જી.વી.સી.એલ. સાથે જે પ્રશ્નો પડતર છે તે અંગે પણ ઊર્જામંત્રીને મળી ઝડપથી ઉકેલ લાવવાના પ્રયાસો કરવામાં આવશે તેમ તેમણે કહ્યુ હતુ.

બેઠકમાં તેમણે પંચાયતની ચૂંટાયેલી મહિલા સદસ્યોની ગેરહાજરી અંગે નારાજગી વ્યક્ત કરી જણાવ્યુ હતુ કે આજે મહિલા બાળ વિકાસ શાખાની કચેરી રિનોવેટ થયા પછી કાર્યરત થઈ રહી છે અને એમની જ ગેરહાજરી યોગ્ય નથી. મુખ્યમંત્રી પણ આ બાબતે અગાઉ જાહેરમાં આપણને સૌ ટકોર કરી ચુક્યા છે.

આ બેઠકમાં તેમણે પંચાયતની કેટલી ખાલી જગ્યાઓ ખાલી છે તે જાણવાનો પણ પ્રયાસ કર્યો હતો. તેમણે આ અનોપચારિક બેઠકમાં એવી પણ ટકોર કરી હતી કે મહિલા અધિકારીઓની સંખ્યા વધુ છે પરંતુ મહિલા સદસ્યોની સક્રિયતા ઓછી હોય તે યોગ્ય ના કહેવાય.

આજની આ બેઠકમાં તેમણે વિકાસકામો અંગે અને અન્ય પ્રશ્નો અંગે પણ પ્રાથમિક જાણકારી મેળવી હતી.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
ASTRAL PIPES
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT
Birla White THE WHITEST WHITE CEMENT
VINAYAK 500 ટી.એમ.ટી. સળીયા
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com